# રમતવીર વિકાસ નિષ્ણાત (એથ્લેટ ડેવલપમેન્ટ સ્પેશિયાલિસ્ટ)

રમતવીર વિકાસ એ કૌશલ્ય અને તકોનું વિકસિત થઇ રહેલ ક્ષેત્ર છે. એથ્લેટ ડેવલપમેન્ટ સ્પેશિયાલિસ્ટ એક એવા વ્યાવસાયિક છે જે એથ્લેટ્સ/ખેલાડીઓને તેમનું પ્રદર્શન સુધારવામાં મદદ કરે છે. વધુમાં, તેઓ વ્યાવસાયિક વિકાસ, મીડિયા સાક્ષરતા અને બ્રાન્ડ મેનેજમેન્ટ સહિત રમતવીરની કારકિર્દીનું સંચાલન કરવામાં મદદરૂપ બની શકે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે રમતગમતનો આનંદ માણો છો
- તમને લોકોને પ્રોત્સાહિત કરવાનો, સમજાવવાનો પ્રયાસ કરવો ગમે છે
- તમે લોકોને શીખવવા અથવા તાલીમ આપવાનું પસંદ કરો છો
- તમે બધા સાથે સહજ રીતે વાતચીત કરી શકો છો



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૧૦,૦૦૦ થી ૨૦,૦૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વિજ્ઞાન પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો. (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાન)

૨. સ્પોર્ટ્સ મેનેજમેન્ટ / હેલ્થ એન્ડ ફિટનેસ મેનેજમેન્ટ / શારીરિક શિક્ષણ અથવા કોઈપણ સંબંધિત ક્ષેત્રમાં સ્નાતક (બી.એસ.એમ./બી.પી.એજ્યુ.)ની ડિગ્રી મેળવો.

**અથવા**

સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, તે જ અથવા સંબંધિત ક્ષેત્રમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

* અહી આપેલ આંકડા એન.સી.એસ.માંથી લેવામાં આવ્યા છે અને તે ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

એથ્લેટ ડેવલપમેન્ટ સ્પેશિયાલિસ્ટનું અંદાજીત માસિક વેતન **રૂ. ૧,૦૦,૦૦૦ થી ૧,૫૦,૦૦૦*** જેટલું હોય છે. આ રકમ દરેક રમત મુજબ બદલાતી રહે છે.

સ્ત્રોત: https://meghalaya.gov.in/sites/_x0003_default/files/announcement/Combined_JDs.pdf

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** સ્પોર્ટ્સ મેનેજમેન્ટ એજન્સીઓ, સ્પોર્ટ્સ ક્લબ્સ અને પ્રોફેશનલ સ્પોર્ટ્સ ટીમો સહિત અન્ય સંસ્થાઓ.

**ઉદ્યોગસાહસિકતા :** તમે તમારી પોતાની પરામર્શ સેવા શરૂ કરી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ :** આ ડેસ્ક જોબ નથી. તમે જે અભ્યાસક્રમને અનુસરી રહ્યાં છો તેના આધારે તમે ઓફિસમાં તેમજ બહાર ફિલ્ડમાં એમ બંને જગ્યાએ કામ કરશો. તમારા કામનો સમય તમે જે સંસ્થા સાથે કામ કરો છો તેના પર નિર્ભર રહેશે. જો તમે કોઈ ટીમ સાથે કામ કરી રહ્યા છો, તો તેમના કામના કલાકોના આધારે તમારા કામના કલાકો નક્કી થશે. જો તમે યુનિવર્સિટીની ટીમ અથવા ફિટનેસ ક્લબનો ભાગ છો તો તમે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને દિવસમાં ૮ થી ૯ કલાક કામ કરી શકો છો.

★આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

સહાયક વ્યવસ્થાપક-ઉપકરણો → ઉપકરણ વ્યવસ્થાપક → વહિવટી સહાયક અથવા સહાયક ઉપકરણ વ્યવસ્થાપક → ઉપકરણ વ્યવસ્થાપક → સ્પોર્ટ ઈક્વિપમેન્ટ કંપનીમાં ઉચ્ચ કક્ષાની ભૂમિકા

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

એથ્લેટિક ડેવલપમેન્ટ સ્પેશિયાલિસ્ટ, પર્ફોર્મન્સ કોચ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ મનોવિજ્ઞાન વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૨. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ સોશિયલ વેલફેર એન્ડ બિઝનેસ મેનેજમેન્ટ, કોલકાતા
૩. એમ.એસ.યુ., વડોદરા
૪. અલાગપ્પા યુનિવર્સિટી, કરાઈકુડી
૫. જય નારાયણ વ્યાસ યુનિવર્સિટી, રાજસ્થાન
૬. સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી, ગાંધીનગર
૭. એસ.એન.ડી.ટી. મહિલા યુનિવર્સિટી, મુંબઈ
૮. તામિલનાડુ ફિઝીકલ એજ્યુકેશન એન્ડ સ્પોર્ટ્સ યુનિવર્સિટી, ચેન્નાઈ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા કૃપા કરીને તપાસ કરો કે શું સંસ્થા યુજીસી સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે.)

૧. ટ્રાન્સતાડિયા યુનિવર્સિટી, અમદાવાદ
૨. જ્યોર્જ કોલેજ, કોલકાતા
૩. આયર્નવુડ સ્પોર્ટ્સ મેનેજમેન્ટ ગ્લોબલ એકેડમી, મુંબઈ
૪. એલ.જે. ઈન્સ્ટિટ્યુટ ઓફ સ્પોર્ટ્સ એન્ડ ઈવેન્ટ મેનેજમેન્ટ, અમદાવાદ
૫. સ્કૂલ ઓફ મેનેજમેન્ટ ડૉ. ડી. વાય. પાટીલ યુનિવર્સિટી, પુણે
૬. કે.જે. સોમૈયા ઇન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, મુંબઈ
૭. એમ.આઇ.ટી. સ્કૂલ ઓફ મેનેજમેન્ટ, પુણે
૮. આઇ.એસ.બી.આર. બિઝનેસ સ્કૂલ, બેંગલુરૂ

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ઓનલાઈન અભ્યાસક્રમો:**

- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

સ્પોર્ટ્સ ન્યુટ્રિશનિસ્ટ **રૂક્ષરા રાઠોડ**, સ્પોર્ટિંગ ઈથોસ પ્રાઈવેટ લિમિટેડ, નવી દિલ્હીમાં નિષ્ણાત તરીકે કામ કરે છે. સિમ્બાયોસિસ સ્કૂલ ઑફ બાયોમેડિકલ સાયન્સમાંથી ન્યુટ્રિશન અને ડાયેટિક્સ, સ્પોર્ટ્સ ન્યુટ્રિશનમાં અનુસ્નાતકની પદવી હાંસલ કર્યા પછી તેણી વર્ષ ૨૦૨૦માં સ્પોર્ટિંગ ઈથોસમાં જોડાઈ. તે ચુનંદા એથ્લેટ્સ સાથે મળીને કામ કરે છે અને હેન્ડ્સ ઓન અભિગમ દ્વારા તેમના પ્રદર્શનમાં સુધાર આણી શકાય.*

સ્રોત : https://sportingethos.com/our-experts/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.